શ્રી નરનારાયણાય નમઃ

ભક્તી રસ બોધ.

(અમદાવાદ શ્રી નરનારાયણ દેવની ગાદીના
આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી પુરૂષોત્તમપ્રસા-
દજી મહારાજની આજ્ઞાથી અને સદ્-
ગુરૂ મહંત શ્રી નંદકિશોરદાસજી-
ની સંમતિથી)

રચી પ્રસિદ્ધ કરનાર,

હરિલાલ મહાસુખરામ આચાર્ય.
(ગામ ઊંઝાવાળા) હાલ નાનીરાંતઈ.
અમદાવાદ.

આવૃત્તિ ૧ લી   પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૬૭.   ઈ. સ. ૧૯૧૧.

કિંમત ૨ આના.

અમદાવાદ,

ખમાસાને ચકલે ધી 'નટવર' પ્રિન્ટીંગ પ્રેસમાં સોગીલાલ
નારણદાસ ખોડીવાળાએ છાપ્યો.

પ્રસ્તાવના.

આધુનિક સમયમાં ઉદ્ધવસંપ્રદાયની સત્સંગી પ્રજાનું સાધારણ (સાદા) રાગો કરતાં નાટકીય રાગો ગાવા તરફ વધારે વલણ જોવામાં આવે છે. તેથી કરીને ભક્તિમાં રચેલું ને પ્રભુ પ્રેમમાં મચેલું, નહિ જોયેલું કે નહિ સાંભળેલું એવું આ "ભક્તિ રસ બોધ" નામનું નૂતન લઘુ પુસ્તક નાટકીય રાગરાગિણીવાળાં કીર્ત્તનોથી રચવામાં આવ્યું છે.

આ પુસ્તકની અંદર માત્ર શ્રીજી મહારાજની કૃપાથી જ્ઞાન અને ઉપદેશ સંબંધીના મારા હૃદયમાંથી નીકળેલા ઉદ્દગારોજ છે. વળી હું કાંઈ કવિ નથી, તેથી આ પુસ્તકમાં કદાચ શબ્દની તેમજ અર્થની ભૂલો થઇ હોય, તેને માટે મારા વહાલા શ્રી પ્રગટ પુરૂષોત્તમ નારાયણના આશ્રિત બંધુઓ પાસે ક્ષમા યાચું છું, અને ભૂલચૂક સુધારી વાંચવા વાંચકવૃંદને વિનતિ કરૂં છું. એજ વિજ્ઞપ્તિ.

સંવત ૧૯૬૭ ના ચૈત્ર માસ રામનવમી.	લી૦ આભારી હરિલાલ મહાસુખરામ આચાર્ય, ગામ ઊંઝાવાળા.

—અર્પણ પત્રિકા—

શ્રી

અખિલ-

બ્રહ્માંડના નાયક,

સદૈવ સુખદાયક, સર્વ-

જન પ્રતિપાલક, અધર્મોદ્ધારક,

નિજાશ્રિત કલ્યાણકારક, દુષ્ટ સં-

હારક ચક્રધારક, બદ્રિવિહારક, ભવનિધિ

તારક, જનસુખદાયક શ્રી નરનારાયણ દેવ

આપનો સદાનો આજ્ઞાંકિત, દાસાનુદાસ, ચરણ-

રજ કિંકર, દીન સેવક આ (ભક્તિ રસ

બોધ) નામનું લઘુ પુસ્તક આપના ચ-

રણકમળમાં સમર્પે છે. તેને સ્વી-

કારી આ સંસારનાં બંધનમાંથી

મુક્ત કરી નિર્ભય સ્થાન

આપશો એજ

વિનતિ.

શ્રી.

લી૦ દાસાનુદાસ

હરિલાલ મહાસુખરામ આચાર્ય,

ગામ ઊંઝાવાળા.

શ્રી સ્વામીનારાયણાય નમઃ

ભક્તી રસ બોધ.

મંગળાચરણ.

(૧)

વંદન કરૂં વિઘ્નરાજ જય જય પ્રભુ ગણુપતિ,
જય જય પ્રભુ ગણુપતિ સિદ્ધિ બુદ્ધિના પતિ. વંદન૦
અનેક પાપથી હું યુક્ત તે થકી કરજો મુજને મુક્ત,
વાહન મુખક શોભે જુક્ત છબી લાગે અતિ શોભતી. વંદન૦
પાસે લાભ લક્ષની જોડ નથી એમાં કાંઇ ખામી કે ખોડ,
નમન કરૂં હાથ જોડ શુભ મતિ સદા દયો અતિ. વંદન૦
તવ મહિમા અગણિત અપાર તે જાણે સઘળો સંસાર,
હરિલાલ કહે વાર વાર બુદ્ધિ માગું હું અતિ. વંદન૦

---

(૨)

સરસ્વતી માતા છો સુખદાતા શત્રુને સંહાર,
મયુરવાહિની મહેર કરો હું પલમાં પહોંચું પાર.
અખંડ અવિચળ બુદ્ધિ આપો કરગરી કહે તવ દાસ
ભણતર ગણતર ભણ્યો નથી નહિ કર્યો મેં અતિ અભ્યાસ.
અલ્પમતિથી પ્રભુ ગુણ ગાઉં છું જીભે કરજો વાસ,
આપનાં દર્શનથી સુખ પામું એવી છે મુજને આશ.
કૃપા કરી મા આપો તેટલું હરિલાલ તારો દાસ.

---

(૩)

રાગ ધનાશ્રી.

(વિનતિ ધરએ ધ્યાન—એ રાગ)

ભજોને સહેજાનંદ ભાઇઓરે તમે ભજોને સહેજાનંદ,
ભાવે ભજેથી ભવદુઃખ ભાગે મટે ચોરાસીના ફંદ. ભા૦
કીર્તી પ્રભુની કર્ણે સાંભળી મનમાં થાઓ પ્રસન્ન. ભા૦
મોહ માયાને દુર કરીને ભજીલ્યો આનંદકંદ. ભા૦
ક્ષણભંગુર આ દેહ જાણજો માટે ભજો સહુ જન. ભા૦
હરિલાલ પ્રભુદાસ તમારો ભક્તિ આપો ભગવન. ભા૦

---

(૪)

(ખલક સબ રેનકા સ્વપ્ના, સમજમન કોઇ નહિ અપના—એ રાગ)
હે મહારાજ મહેર કરો, વિનંતી મારી ઉરમાં ધરો,
પુરવનો પૂર્ણ પ્રેમી ખરો, વિકટ વિપત્તિ હે મારી હરો. હે મ૦

સાખી.

હું અપરાધી પ્રાણી છું અવગુણનો નહિ પાર,
અનેક કર્મથી યુક્ત હું ભય ટાળો શ્રી મોરાર.
ક્રૂર હું કર્મ કરનારો, દયા મમ ઉપરે ધારો,
હુંહું ભવસિંધુ અતિ ખારો, સફળ કરો આ જન્મારો. હે૦

સાખી.

નેહ કરીને નાથજી રાખો નિશદિન પાસ,
હરિલાલ હેતે સ્મરે મુક્તિની છે આશ;

ઉમાપુર માંહી વસનારો, પ્રભુ એક આશરો તારો,
જગતમા કોઈ નથી મારો, તમો વિના સહાય કરનારો. હે૦

---

(૫)

(અમદાવાદના સ્વામીનારાયણના મંદીરની મુર્તીઓનું વર્ણન.)

(ભલે લાલ તમાચો મારી મુખડું લાલ રાખો...એ રાગ.)

ભકતો બોલો બોલોને સ્વામીનારાયણ
સ્વામીનારાયણ નરનારાયણ. ભકતો.
પ્રથમ મંદીરે દર્શન કરજો રાધાવર રૂપધામ,
બીજા મંદીરે જઇને જોજો નરનારાયણ નામ. ભકતો.
ત્રીજા મદીર દર્શન કરજો ધર્મ ભકિત છે ત્યાંય,
દર્શન કરતાં દુઃખ સૌ નાસે હરિકૃષ્ણ છે જયાંહી. ભકતો.
બીજાને વળી ત્રીજા વચ્ચે નૌતમ મુર્તી સાર,
તેનો મહિમા કહેતાં કહેતાં પામું નહિ હું પાર. ભકતો.
પાવડીએ ચડતાં સૌ જોજો સામા વાયુ કુમાર
ગૌરીનંદન સામા છે હરિલાલ ઘણું હરખાય. ભકતો.

---

(૬)

(સદા સંસારમાં સુખ દુઃખ સરખાં...એ રાગ.)

સાખી.

આ દુનીઆ અવલોકતાં દુખીઆં જનો જણાય,
ઉગરવા તે કષ્ટથી કરવો એવો ઉપાય.

નિશદિન પ્રભુને ભજીને કામ સિદ્ધ કરો,
બોલું હું બોલ ખરો વિનતિ મારી કાન ધરો.

સાખી.

આવ્યો તે નહિ આવશે મનુષ્ય તણો અવતાર,
તે કેમ ભુલે પ્રાણી તું મૂરખ મૂઢ ગમાર.

કુટિલ કર્મને અધર્મ થકી દૂર ફરો,
મોહમાયા તજી મુક્તિ તણી ચિંતા કરો. નિશદિન.

સાખી.

મારૂં મારૂં બોલતો મગન રહ્યો સ્ત્રી સાથ,
તારૂં નહિ એમ જાણજે નહિ આવે સંગાથ.

સૌ ચેતી લેજો સહેજે ભવ તેથી તરો,
હરિલાલ કહે છે એક ચિત્તે ભક્તિ કરો. નિજદિન.

---

(૭)

(ધીરજ મન ધરરે મત ડરતું કુંવર કહુ દીલમેં...એ રાગ.)

ધર્મ કુંવરરે અમ ઉપર કરજો નજરરે,
લીધો દાસાનુદાસ ઉગારી આપ ચરણ વિષે મતિ મારી;
અરજી ઉર ધરરે. અમ ઉપર.

સાખી.

મૂઢ મૂરખ હું માનવી અલ્પમતિ અજ્ઞાન;
તમને મેં જાણ્યા નહિ ભૂલી ગયો નિજભાન.

આપ ચરણમાં હું બલિહારી નહિ મેલું ઘડીએ વિસારી;
ગુણ ગાય હરિશંકરરે અમ ઉપર.

---

(૮)

(હજારૂમેરે કાનકે મોતી......એ

સોહાગી શાણા શામળીયા અલબેલ,
પ્રભુને કોઈ લાવોરે મુજને બતાવોરે;
મારે જોવા ધર્મના છેલ. શામળીયા.
પ્રભુ તરછોડીરે, ગયા મુખ મરોડીરે,
વહેલા વળજો આનંદ વેલ. શામળીયા.
હરિલાલ ગુણ ગાયેરે શામળીયા કરજો સહાયેરે,
મળો મનનો મુકી મેલ. શામળીયા.

---

(૯)

(પધારે વટપતન સ્વામી......એ રાગ.)

પધાર્યા સહેજાનંદ વહાલારે...(૨)
કાને કુંડળ મુગટ શીરપર ધર્મ તણા લાલા. પધાર્યા.
નિરખું હું જોઇ રંગ રસીયા...(૨)
ગળે સોનાનો હાર મનોહર મારે ઉર વસીયા. પધાર્યા.
દેખી મેં નોત્તમ છબી ભારી...(૨)
દુઃખ હતાં તે દુર થયાં થઇ શુદ્ધ મતિ મારી. પધાર્યા.
પ્રભુ મેં જાણ્યા નહિ તમને...(૨)
ભવ અટવીમાં ભૂલો પડયો ઘણું દુઃખ પડયું અમને. પધાર્યા.
સંસાર સાગર બહુ ભરીયો...(૨)
પ્રભુ આપનું નામ સાંભળી હું એમાંથી તરીગો પધાર્યા.

પ્રભુ હું આવ્યો તમ શરણેરે...(૨)
હરિલાલની અરજ સ્વીકારી રાખો પ્રભુ ચરણે. પધાર્યો.

---

(૧૦)

રાગ દીંડિ.

(કાશી વિશ્વનાથ અરજ ઉર ધારો...એ રાગ.)

ગદા પદ્મધારી આશરો તમારો,
દુઃખી પ્રાણીઓના દુઃખને નિવા...રો. ગદા.

કળિકાળમાં અનર્થ બહુ થાયે,
જનો સુપંથ છોડી કુપંથમાં દોરાયે;
અન્ય જાતિ વિષે ભેદ ન જણા...યે. ગદા.

નરો ધિહીન થયા લીન જોઈ બાળા,
ધરે નહિ મર્મ થયા બેશર્મ નીચ સાળા;
તજી નીજ ધર્મ કરે કર્મ બહુ કા...ળાં. ગદા.

કુળાચાર ગયો પાણીના પ્રવાસે,
જનો અભક્ષ્ય કરે ભક્ષ્ય થઇ ઉલ્લાસે;
અનાચાર થયો જગતમાં શું થા...શે. ગદા.

કરી કોપ કળી સહસ્રથી સંહારો,
હરિલાલ તણી વિનતિ ઉર ધારો;
સત્યયુગ કરી ધર્મને વધા...રો. ગદા.

---

(૧૧)

(મન માયાના કરનારારે...એ રાગ.)

ભજો સહેજાનંદજી સુખકારીરે, મને મુર્તી લાગે છે બહુ પ્યારી,
લાગે છે પ્યારી અતિ રૂપાળી, સુશોભિત બહુ સારી.
ભાવે પ્રભુની ભકિત કરોરે નાખે ભવ સંસાર દુખ ટાળીરે મને.
સ્વપ્નના જેવો આ સંસાર જાણજો,સગાં નથી માત પિતાને નારી,
હરિલાલ કહે ભાવે ભજોને લેશે, સંભાળ શ્રી મોરારી...રે. મને.

---

(૧૨)

(જપતી પ્રીતમની જપમાળ...એ રાગ.

મમ અરજી ઉરમાં ધારે મોહન અલબેલા,
છોગાળા શ્યામછોજી સુંદીર છેલારે;
રસીયા રાજ છો મમ હૃદય વસેલા. મમ અરજી.

સાખી.

ભકિતને વશ ભુધરા દુષ્ટને દુઃખ દેનાર,
મુકિતના દાતાર છો જીુકિતથી જોનાર.
લાગી તમ સંગે મારે સુંદીર છેલારે,
હરિલાલને ઉગારો વેલા. મમ અરજી.

---

(૧૩)

(યમુનાતટ બજ રહી બાંસુરીયાં...એ રાગ.)

મહા દયાળુ છો સહેજાનંદ સ્વામીરે,
દેખી છબી ભારી લાગે બહુ બહુ પ્યારી. મહા.

સર્વે ગુના મારા માફ કરીને,
દીયો દુઃખ ટાળી લીઓ ભકતોને ઉધ્ધારી. મહા.
ભવસાગરમાં ડુબી મરૂં છું,
વિનતિ સ્વીકારી લીયો સેવકને તારી. મહા.
ભવાબ્ધિથી મુજને ઉગારો,
હરિલાલ ચરણે નમે છે વારેવારી. મહા.

---

(૧૪)

તાલ દાદરો.

(રામકો આધાર—એ રાગ.)

નામકો આધાર તોરે નામકો આધાર,
કલ્યાનકારક, ભવાબ્ધિ તારક, મોરલી ધારક શ્યામરે,
પ્રહ્લાદજીકે બિરદ સંભાળક, ભકતો સ્મરે દિન જામરે. નામ૦
બંસીકે બજાઇયા તુમે, ગૌઆંકે ચરાઇયા,
જસુમતીકે લાલ બાલ, કુંવર કનૈયા ... ... નામ૦
ગિરિવરધારક, કંસ સંહારક, નરસિંહકુ કરદીનો ન્યાલરે,
પાય પડી તોરી મિનતી કરત, કહુતહે હરિલાલરે. નામ૦

---

(૧૫)

હરિગીત છંદ.

મુજ કામ કરજો વિપત હરજો દીન થઇ કહું કરગરી,
મમ શત્રુને સંહારીને વ્હારે ચડો બદ્રિપતિ;

મને આશરો છે તમતણો જેથી ખુશી છું હું ઘણો,
મારે શરણું તારૂં શ્યામળા હરો કષ્ટ કષ્ટ કોડામણો,
તવ મોહ માયા જાણવાને સારદા સમરથ નથી. મમ૦
પાતાળને સુરલોકને વળી દેવ દાનવ માનવી,
જળ સ્થળે વ્યાપક છો સદા અજીત અમર જ્ઞાનવી;
સૌ લોકના સ્વામી તમો હરિલાલ કહે છે અકળ ગતિ,
મમ શત્રુને સંહારીને વહારે ચડો બદ્રિપતિ.

---

(૧૬)

(દુનીઆ દોરંગી શાને મન તું કરે શોક ..એ રાગ)

મનવા તું મારા શીદને કલ્પાવે તારી કાય,
થશે બેહાલ તમારા ક્યારે સારા નહિ થાય. મનવા૦
કરે કુકર્મી કર્મ નઠારાં દેખી દીલમાં શું દાઝે,
કરશે તે ભરશે દુનીઆમાં આપણને નહિ બાઝે,
વીરારે પ્યારા..........સીદને .... મનવા૦
નીમકહરામી થઇને ફરતા કરતા અધર્મ કામ,
નિજ સ્વામીને શું સમજાવે ગાંડો ગણી હેવાન,
હરિલાલ સમર તું શ્યામને તો સુખ થાય. મનવા૦

---

(૧૭)

રાગ કાલીંગડો.

(કર સીંનગાર ચતુર અલબેલી...એ રાગ)

શઠ તું સમજ મન ચોરશું મહાલે, પડશે ખબર જ્યારેરે અંતકાળે,
મિથ્યા જગતમાં રહેવું નથીરે, લાભ શું લીધો દેતું કરીરે. શઠ૦

વ્યાજ વધારે રે થઇ જાશે, ખર્ચે થશું શું ઉત્તર આલે. શઠ.
હરિલાલ હર ઘડીએ ઉદાસી, નાશી ક્યાં જાતું કાળની ઝાળે. શઠ.

---

(૧૮)

(રાગ ઉપર પ્રમાણેનો)

કરશે હરિ શાહે શીદ ગભરાયે,
પ્રભુ કિરતનથી પાર તરાયે. કરશે૦
અકળ ગતિ છે એ ઇશ્વરની,
સકળ ભુવનનો તેજ પતી છે. કરશે૦
સબળ મતીથી ધ્યાન જો ધરાયે,
અવસરે આવશે અચિન શીરે. કરશે૦
નાશી ન જઇશ તું કાળ શું કરશે,
હરિલાલ કર પ્રભુ કિરતનરે. કરશે૦

---

(૧૯)

(રઘુપતિ રામ રૂદેમાં રહેજોરે—એ રાગ)

સખી કારતકે કેમ કરિએરે, મારા નાથ વીના સુનાં ફરિયેરે;
એવું દુઃખ તે ક્યાં જઈ ઉચરીયે, પ્યારો મારો ધર્મ તનય ક્યારે મળશેરે.
સખી માગસરે મન નથી ગમતુંરે, મારૂં મન તે ચોદશ ભમતુંરે,
મને જનમો જનમ દુઃખ દમતું. પ્યારો મારો૦
સખી પોષે પ્રિત કરો આવીરે, કરો કરૂણા દીલમાં લાવીરે,
મારી બુડતાં બાવડી સાવી. પ્યારો મારો૦

માહા મહીને મારગે જાતાંરે, પ્રભુ નેત્રે આંસુ નથી માતાંરે;
નથી પેટ ભરી અન્ન ખાતાં. પ્યારો મારો૦

સખી ફાગણે ફુળ અમને દેજોરે, મારા હૃદયમાં આવીને રેજોરે;
મારી વિનતિ સ્વીકારી લેજો. પ્યારો મારો૦

સખી ચેતરે ચિંતા બહુ મનમાંરે, વિયોગ જ્વાળ પ્રગઠી છે તનમાંરે,
પ્રભુ રખે મુકો માહા વનમાં. પ્યારો મારો૦

સખી વૈસાખે વિરહ વ્યાપ્યોરે, પ્રભુ અક્ષરે વાસ ન આપ્યોરે;
પોતાનો કરી નવ સ્થાપો. પ્યારો મારો૦

સખી જેઠે જુઓ મમ સામુંરે, સંસારમાં સુખ ન પામુંરે;
નિશ દીન જપું આપ નામું. પ્યારો મારો૦

વર્ષારૂતુ આવ્યો અષાડરે લીલાં થયાં પ્રથ્વીનાં ઝાડરે;
લીલા થયા પ્રથ્વીના પહાડ. પ્યારો મારો૦

શ્રાવણ માહીને કરો આવી સારૂંરે, તમ મુર્તી વિષે ધ્યાન મારૂંરે;
પ્રભુ ઘડીએ નહીં વીસારૂં. પ્યારો મારો૦

ઘોર ગરજે ભાદ્રપદ માસરે, મને પ્રભુ છે તમ વિશ્વાસરે;
તમ દર્શનની મને આશ. પ્યારો મારો૦

આસો માસે ઓચ્છવનો દિનરે, દેખાય પ્રભુ પધાર્યાનું ચિન્હરે;
મારે સોનાના ઉગીયા દીન. પ્યારો મારો૦

બાર માસ તે પુરણ થાયરે, ગાએ શીખે તે અક્ષરે જાયરે;
હરિલાલ પ્રભુ ગુણ ગાએ. પ્યારો મારો૦

(૨૦)

(હજારો મેરે કાનકા મોતી...એ રાગ)

ખુદ મુશ્કેલી કે વખ્તમેં મેંય આ પડા હું;
સુઝત નાહિ પ્રભુ મેંય કહાં જાઉં;
મેંય ગાવું ગુન તોરે તુમ આગે ખડા હું, ખુદ.

તુમ હો લાલા બદ્ધિ પતિવાલા,
કરતા હું મેંય કાલા વાલા તુમસેં નાહિ બડા હું. ખુદ,

હરિલાલ હય ગુલાંમ તુમ્હારે,
કરદો નઝર પ્યારે, કદમુંમેં ગિરાહું. ખુદ.

---

(૨૧)

ભજતા ક્યું ન-રાધે કૃષ્ણ...એ રાગ

ધરના ધ્યાંન ધર્મ કુંવરકા, બહુત મઝા આયગારે,
શ્રદ્ધા ધરકે ભક્તિ કરના, પ્રભુકી મુર્તી હૃદયમાં ધરના;
આજ કાલમેં મરના ભાઈ, ક્રૂર કાલ લે જાયગારે.... ધરના.
આધી વ્યાધિ ટળેગી તુમ્હારી, રહતહે યમકિંકર જખ મારી,
માન તજો ભજો બ્રહ્મ મુરારી, અક્ષર પદકો પાયગારે...ધરના.
કાલકી ઝાલમેં જલના ભાઇ, હરી નાંમકી કરલે કમાઇ,
હરિલાલ શિખામણ માનો, જન્મ મરણ મીટ જાયગારે. ધરના.

---

(૨૨)

(મારા સ્યાંમ આજે મુને મળજો...એ રાગ.)

સાર છે સાર છે સારછેરે, ભાઈ ભક્તિ કર્યામાં ઘણો સાર છે,
ભક્તિની, જુક્તિની, અજબ ખુબી છે, ડંકો ઘંણીનો
દરબાર છેરે. ભાઈ૦
દામ ન બેસે, દમડી ન બેસે, વગર મુડીનો વહેપ રછેરે. ભાઈ૦
હરિલાલ કહે પ્રભુ ભજોને નહિતર, મુઠળ જમનો માર છેરે.
ભાઈ૦

---

(૧૦)

(પડયો છું વનમાં શાહે કરો ગિરધારી...એ રાગ)

વિપત્તિ વખતે અરજ સુણો પ્રભુ મારી;
ભીડ ભંજન પ્રભુ નાથ નીરંજનરે દયાદિલ ધારી અ.

સાખી.

કામ ક્રોધ મદ મોહનું, સ્વપ્ને નહિં દરશન;
એ માગું હું નાથજી, આપો થઇને પ્રસન.
કરૂણા કરી ભારી. અરજ૦

સાખી.

દીન તણી અરજી સુણી, સદા રાખો સંભાળ;
સંસારની મોહજાળમાં, ફસાયો કઈક કાળ,
હરિને ઉગારી. અરજ૦

---

(૨૪)

(ચીત્ત ચોરી રઢીયાળારે, ચોર જશો કયાં ચાલ્યા...એ રાગ)

મને મોહ લગાડી મોરારિ, શું મુકીને જાશો માવા,
કુંવરજી ધર્મના આવા, છો દુનિયાં મધે ચાવા.
પણ તમને નહી દઉં જાવા, શરમાવો સીદને માવા;
પ્રભુ મારા કરૂણા કરી, સ્તુતિ દીલ ધરિ, દુઃખડાં હરિ, કાળથી ડરી,
ગુણ ગાઉં તારા, હરિલાલ કહે સુખ થાવા.........પણ
તમને નહિં દઉં જાવા, સરમાવો શીદને માવા. મને૦

---

(૨૫)

(ધીમા ધીમા ચાલોને મારા પ્રાણરે...એ રાગ)

જોવા જેવું જેતલપુર ગાંમરે, રૂડા ભક્ત જનો ત્યાં ભક્તિ કરે,
ધ્યાંન પ્રભુનું ધરે, મહા મુક્તિ મળ્યા જેવો ઠામરે. જોવા૦

સાખી.

ઓરસડી બહુ બેશ છે, ગોમતી નીરમળ નીર;
યજ્ઞ કર્યા છે વાલમે, તે જોજો સૌ વીર.
કૃષ્ણ બળદેવ કેરાં જઇ દરશન કરો, કાળ ભયથી ડરો;
ગુણ ગાએ પ્રભુના હરિરાંમરે. જોવા૦

---

(૨૬)

(પધારોને સહજાનંદજી હો ગુના કરીને માફ...એ રાગ)

મને સાહે કરો જગદીશરે, કહું છું કરગરી;
વારે વારે નામું શીશરે, થાઉં છું દીલગીરી.

અનેક ભવમાં હું ભમ્યો, કુટાયો કંઇક કાળ;
ભવના ભયથી ઉગારજો, પ્રભુ લેજો મારી સંભાળરે. કહું૦
જન્મ મરણ ઉગારીને, આપો નીરભય મુકામ;
દીનબંધુ દીનાનાથ દયાળુ, છોગાળા ઘનશ્યામરે. કહું૦
વીઘ્ન વીદારણ ભવનિધી તારણ, વીનવું વારેવાર;
ઊંઝા વાસી વિનતી કરે છે, બોલું જય જયકારરે કહું૦

---

(૨૭)

(ગાનુની તું માન્ય મારૂં, વચન આ નિરધાર...એ રાગ)

સાખી.

પ્રેમ ધરી પ્રભુને ભજો, વિઘ્ન જાએ સઉ દૂર;
બિહાગ રાગની ધુનમાં, ભજન કરો ભરપુર.

વૃથ્થા જીંદગી ગુમાઇ, ભજન વીના વૃથા જીંદગી ગુમાઇ;
સત્ય નામની શોધ ન કીધી, અવળી કમાણો કમાઇ. ભ૦
સંસાર માંહે સુખ બહુ લીધું, સમજ્યા નહિ સુખદાઇ. ભ૦
બેન સુત માત ને ભ્રાત ને ત્રાતા, તેમાં મજા બહુ ઉડાઇ. ભ૦
વિનતી કરી હરીલાલ કહે છે, મળજો મુને ધાઇ ધાઇ. ભ૦

---

(૨૮)

રાગ ઉપરનો.

કેમ તું ભટકી મરે ભવસાગરમાં, કેમ તું ભટકી મરે;
સત્ય નામ સહેજાનંદ પ્રભુનું, લેને ભવ તું તરે. ભવ૦

આજ કાલ કરતાં જીંદગી જાશે, કામ પછી શું કરે. ભ૦
જગપાળક જગદીશને જપતાં, પાછો પાય ન ધરે ભ૦
હરિલાલના હૃદયમાં રહેજો, લેજો ખબર ખરે. ભ૦

---

(૨૯)

રાગ લાવણી.

(મારે મંદીરે પધાર્યા શ્યામ

સઉ સજ્જન મિત્રો સુણો
કલ્યાણ ઇચ્છો તો, તજવી ૨૯.
પરનારી નર્કની ખાણ, વીષની વલ્લી;
નહિ મોક્ષ તણો એ ધામ, નર્કની હવેલી.
જન જુઓ વીચારી મન જાતું જગમાંહીથી;
લાવ્યાતા શું સંગાથ, લઇશ શું અહિંથી.
યમકિંકર મારે માર રાડ પડાવે;
એવા વિકટ સમયે, પરનારી નહિ છોડાવે;
હરિલાલ તણી શીખામણ, ઉરમાં ધારી. કલ્યાણ૦

---

(૩૦)

રાગ પીલુ બરવો.

(ઇસ તન ધનકી કોન બડાઈ...એ રાગ)

જગત વિષે સઉ સ્વાર્થનું મળીયું,
પ્રભુ વીના બીજાથી કામ ન સરીયું. જગત૦

માત પીતા સુત બાંધવ ભગિની,
જર હોય જેટલો ખાવાને બળીયું. જગત૦
પૈસા કમાઇને છેલ થઈ ફરીયે,
ભાઈ ભાઈ કહી સઉ બોલાવા વળીયું. જગત૦
ભારે દુઃખ એવું, આ ભુતળમાં,
હરિલાલ કહે સ્વાર્થથી મળીયું. જગત૦

---

(૩૧)

(આ તારાં વચનો સારાં, સ્નેહે સાંભળતાં... એ રાગ)

મનુષ્યનો દેહ ધરી શું કરવાનું, મિથ્યા ફાંફાં શીદ મારોરે,
આજે મનુષ્ય૦
ભક્તિ વિના નરો ભુત બનીને, ખોયો બધો જન્મારોરે. આજે૦
ખડ.ર ભક્તિનો ભારે ચણવો શાણા, જ્ઞાનનો લીંપો માંહિ
ગારોરે. આજે મનુષ્ય૦
પુન્ય કેરી માંહી પથારી કરીને, પ્રગટ પ્રભુને સંભારોરે. આ૦
હરિલાલે ખ્યાલ કરીને જોયું શાણા, પ્રભુ વિના મિથ્યા
ઉદ્ગારોરે. મનુષ્ય૦

---

(૩૨)

(વહાલા વ્રજલાલ સાથે લાગીરે... એ રાગ)

પ્રેમે પુરષોત્તમ સાથે મેં તો જોડીરે નજરીયાં મહારાજ;
સુંદર છબી, શ્યામ તમારી, નિરખી મેં નાથજી મારા.

ઘટ ઘરમાં સ્થાપિ મેં તો આજ, ગઢ પુરવાશી છો સુખરાશિ
આઆ.....................................પ્રેમ૦
ભવચોરાસી ભારે ભટકયો, ભુલીશ નહિ તમને હું તો,
હરિનાં સુધાર્યાં ઘણાં કાજ, ગઢપુર વાશી છો અવિનાશી
આ...આ.....................................પ્રેમ૦

---

(૩૩)

(એ ઈશ્વિર, સુખકર, જગધર સ્વામી તું સૌનો સરદાર...એ રાગ)

જય જગકર દુઃખહર શંખ ચક્ર કર ધા......રી, જય૦
વિશ્વંભર વિભુ ભુવિ તળ વ્યાપક;
ગતિ તારી ન્યારી સુખકારી. જય૦
જગકર્તા જગદીશ્વર ત્રાતા, માહેશ્વર બ્રહ્મા ગુણ ગાતા;
સુખકર સુખકર હરિલાલને, તા.........રી. જય૦

---

(૩૪)

તાલ ધ્રૂપદ.

(જગત રચ્યું પ્રભુ તેં...એ રાગ)

અનેક રૂપ ધરે તું તો જ્યાં જોઉં ત્યાં ભાષ્ય તમારો.
શ્રી નરનારાયણ તું......અનેક
કૃષ્ણ કપિલ ધનવંતરી તું તો. મચ્છ કચ્છ વારાહ તું તો.
રાંમ દત્તાત્રય નરસિંહ તું તો, અવર ન જોઉં હું તો...અનેક
વ્યાસ સનકસનંદ તું તો. બુદ્ધ કલંકી વામનતું તો
અનેક રૂપ ધરો ભકત કારણે. યજ્ઞ વષભ પ્રભુ તું...અનેક

અતળ વીતળ પાતળ ભુવિતળમાં
નિતળ સુતળ રસાતળ તળાતળમાં
ચૌદલોકમાં સ્થળે સ્થળે વ્યાપક હરી કહે જોઉંહું તો અને.

૩૬

(હે દાતતું સુખકાર છે....એ રાગ

હે દેવાધીદેવ છો નમું હું શ્રી ઘનશ્યામ.....હે.
સહેજાનંદ સર્વે સુખો આપો. રટુ રસિક તમ નામના જાપો
પરેશ સુરેશ. નરેશ શીર કર સ્થાપો... ... હે.
ચતુર ચંદ દ્યુતિમય અવતારી,સર્વ સંત તમ ગુણના અહારી,
વિશ્વવંદ્ય વનમાળી તારી હરી કહે બલીહારી...હે.

૩૬

રાગ ઠુમરી

(ચાલો સખી સબ દેખનકુ રથ—એ રાગ.

આજ સફળ ભયે દીનહમારે ખ્વાબશેં દેખા સ્યાંમ મુરારે.
દર્શનકીનો બહુત સુખલીનો જન્મ, મરન, વ્યાધિ મીટ ગઇ પ્યારે...આજ

પ્રભુ કે દરસન કો જીયા ચાહત, આજ મીલે સબ કામસુધારે; આ
કીરપા કરકે હૃદય લગાયો હાથ ધર્યો શિરપે હમા...રે. આજ.
હરીલાલ બડભાગ્ય તુમ્હારા, ખ્વાબશે દેખા ધર્મ દુલારે. આ૦

(૩૭)

થાળ.

(રૂડી રાંધી મેં રશિયાજી ખાંતે ખીચડીરે...એરાગ)
જમવા આવોને જીગજીવન મારા બારણેરે... જમવા૦

શેરડીયો મેં સાફ કરાવી, આંગણીએ જાજમ પથરાવી;
આવો બેસો લટકાળા જાઉં વારણેરે. જમવા૦
વસ્ત્ર ઉતારો વાલમ મારા, અત્તર ચોળું શરીરે તમારા
પછી બેશો બાજઠીએ નાહાવા કારણેરે. જમવા૦

સ્નાન કરી આવો અલબેલા, આસન આપું છું રંગ છેલા;
થાળ હું પીરશાવું જમવા કારણેરે. જમવા૦

બરફી પેંડા મેશુક ધારી, ખાજાં જલેબી કચોરી સારી;
બુંદી લાડુ ઘેબર પાક બદામનોરે. જમવા૦

જાત જાતનાં મેં શાક વઘાર્યાં, ખુબ મશાલાથી છમકાર્યાં,
ભજીયાં તો ભુદરજી ખાઓ ખાંતથીરે. જમવા૦

ઝારીમાં શીતળ જળ ભરિયું, રૌપ્ય પવાલું ઉપર ધરિયું;
જે જોઇએ તે માગી લેજો ઉભો છું હું બારણેરે. જમવા૦

જુગતે જમજો જીવન મારા, શરમાશો નહિ સ્યામ અમારા;
જમી પ્રસાદી છાંડજો શેવક કારણેરે, જમવા.

પાન કેરું મેં બીડું બનાવ્યું, ટોપરૂ મેં બારીક છણાવ્યું;
લવીંગ એલચી જાવંત્રી સોપારીછે રે. જમવા૦

મંદ મંદ પવન છે લહેરી, શીતળ છાયા તરૂવર કેરી;
આવીને બેશોજી આપ પલંગમાંરે જમવા૦

કસ્તુરીનું તીલક કરૂંહું, પુષ્પ માળ તમ કંઠે ધરૂંહું;
હરીલાલના પ્રાણથી પ્યારા ઉગારો જમ દ્વારણેરે. જમવા૦

---

(૩૮)

આરતી.

(જય હરી હરા જય હરી હરા—એ રાગ)

જય ચક્રાધારી પ્રભુ જય ચક્રાધારી,
નરનારાયણ સ્વામી વિનતી સુણો મારી. જય.
બદ્રિપતી બાપલીયા, શરણુ છે તારૂ.—વિભુ. શરણુ છે તારૂં
સુખ કરતા દુઃખ હરતા મન મોહ્યું મારૂં, જય.
ગિરિ હીમાલયે, વર્શાયા શીત પડે ભારી.—પ્રભુ શીત પડે૦
શારદ નારદ ને સુર સરખા સેવા કરે તારી. જય.
ષટ મહીનાની અવધીકીધી દેવ સેવા સારૂ. પ્રભુ દેવ સેવાસારૂ૦
ષટ મહીનાની મનુષ્યને અકળ કામ તારૂં,
દેવ મનુષ્યને સેવા કરવા સરખો લાભ દીધો. પ્રભુ સરખો૦
સમ દ્રષ્ટિએ વર્ત્યા અંતર નહિ કીધો. જય.
હરિલાલના સ્વામી ભક્તનાં દુઃખ હરજો પ્રભુ ભક્તનાં૦
તે સ્થળે દરશાન કરવા આસ પુરણ કરજો. જય,

---

(૩૯)

(નિત નિત ભજીએ તારૂં નામ તારૂં નામરે...એ રાગ.)

નિત્ય નિત્ય ભજવા ઘનસ્યામ, ઘનશ્યામ શ્રીઘનશ્યાંમરે;
ઘટે ઘડી સવા લાખની હેજી. નિત્ય૦
આરે સંસારીયાનું, સગપણ કુડુંશાણું;
ઊંડું વિચારોને તમામ રે તમામરે તમામરે. ઘટે

રેલ મુસાફરી જેવાં સંબધી શાણા;
સમજી સ્મરો શ્રી સુખધામ સુખધામ શ્રી સુખધામરે ધરે.
હરિલાલ કહે ભક્તિ કરીને ભાઈ,
મેળવો અક્ષર ધામ ઘનસ્યાંમ રે નમામરે. ધરે.

---

(૪૦)

સાર્દુલ વિક્રીડીત છંદ.

હરજો સહેજાનંદ ફંદ ભવના
રીદ્ધી સદા આપજો.
લાગુંછું તમ પાય બાંહ્ય ગ્રહજો.
લક્ષણ કુ કાપજો.
મારે તો ગુણ ગાવા છે તમ તણા.
સુદ્ધિ સદા લાવીને.
સ્વરતું છે આ ખલક જાળમાંહીથી. ધાર્યું હશે ભાવીને.

દોહરો.

કરુંણા કરજો નાથજી, હરજો દુઃખ અમાપ,
કહું લીલા કરજોડીને, હરીનો છે એ પ્રતાપ.

(૪૧)

ગાંમ ઊંઝામાં શ્રીજી માહારાજે લીલા કરી છે તેનું વર્ણન.

ચોપાઇ.

સરસ્વતીને લાગુ પાય જીસ્યાએ આવી વસજો માય,
તારા દાશમાં દોષ ન આવે, એવો કરજો માજી ઉપાય.

સમ્યક સિદ્ધી થવા ગુણ ગાઉ ભવ છોડીને અક્ષરે જાવું.
પુર્વ દેશ છપૈયાં ગામ એમાં પ્રગટ થયા ઘનશ્યામ,
જાત જગતમાં જોતે જણાયે...વીપ્ર સરવરીયા તે ગણાએ.
ભક્તી માત પીતા ધર્મસાર, કહું ગ્રંથ મતી અનુસાર.
તે થકી પ્રગટ થયા અવીનાશી, જેના રૂપ તણી છટા ખાસી
ગુણવૃતી વાળા ગુણ ધામ, ધર્યું સહજાનંદ એવું નામ.

દોહરો.

અગીઆર વરસ થયાં જાહરે, પોતાને તેણીવાર,
શન્યસ્ત લીધું ત્યાહરે, વીચર્યા વન મોઝાર.

ચોપાઇ.

વન વન કર્યાં પાવન, નદી નાળાં પહાડ ઉપવન.
ગયા બદ્રીકા આશ્રમે જ્યાંહે, ઘણું તપ કર્યું મુનિરાયે
વીચર્યા પ્રથવી જોવા જેણીવાર, ઘણા દેશો જોયા તેણીવાર.
ફરતા ફરતા આવ્યા ગુજરાત, દેખી મનુશ્યો થયાં રળીયાત.
ધર્મ સ્થાપ્યો પછી માહારાજે, ભવ તારવા શ્રી મુનીરાજે.
ગુજરાતમાં ગામો નાંમ, ફરતા ફરતા આવ્યા ઊંઝા ગાંમ.

દોહરો.

લીલા કરી છે અહીઆં પ્રભુ ભવ જળ તારાયણ,
હરીલાલ હેતે સ્મરે, સ્વામીનારાયણ.

(૪૨)

સંવત ૧૮૬૨ સાર માસ ફાગણ છે નીરધાર,
સુદી ત્રીજને મંગળવાર, પ્રભુ આવ્યા તે ઉંઝા મોઝાર.

ગાંમ મેથાંણુ ધાંગધ્રા આગળ, ત્યાંથી મોકલ્યો પ્રભુએ કાગળ.
આવીએ છીએ સતસંગ કરવા, બહુ કલ્પનાં દુઃખડાં હરવા,
પ્રભુ પધાર્યા ઊંઝા ગાંમ, ભકત વત્સળ પુરણ કામ,
પ્રભુ પધાર્યા પરભાતે, પાંચશે પરમહંસની સાથે.
મુની નીત્યાનંદ પરમાનંદ, દ્રઢઃલાગ્યો સતસંગનો છંદ,
એવા સમરથ સંત જેના સાથી, એમનાં નામ આવડે મને કયાંથી

દોહરો.

પ્રભુની આજ્ઞાએ કરી, થયા ભકત દશ બાર;
હરીલાલ કહે તે તણાં, નામ કહું આવાર.

---

(૪૩)

જેણે પીધો હરીરસ ગુણ ગાઇ. આચારજ નાથુભાઇ.
બાઇ જેકવોર સરખાં ભક્ત, જેને જાણે છે આખું જકત.
જેને ભક્તી વીશે સાચ આવ્યુ. તેને પ્રભુએ એવું ફરમાવ્યું
ભક્તી કરી રાખો પ્રભુતાઈ, રહેજો એક શીંગોડું ખાઈ.
એવી આજ્ઞા કરી ભગવન, બીજુ ખાશો તો થાશે વમન,
બાઇ આજ્ઞા ચડાવી શીશી, ધન્ય પ્રગટ મળ્યા જેને ઇશ.

દોહરો.

એક સીંગોડુ ખાઇને કાઢયાં, વર્ષ પાંત્રીશ,
હરીલાલ ધન્ય બાઇને પ્રગટ મળ્યા જેને ઈશ.

(૪૪)

ચોપાઇ.

અનવીના શી રીતે ચાલે, અન વીના કાયા નહી હાલે
અન સમો કળીમાં છે પ્રાણ, આખા જગત બધામાં છે જાણ.
ધન્ય ધન્ય ગણું. એ બાઇને કાઢી ઉમર સીધોડું ખાઇને,
ધન્ય ધન્ય ભકતી તારી બાઇ, ધન્ય સાચી તારી પ્રભુતાઇ,
એવા ભકત પ્રભુના રંગ રાતા, નામ લખતાં નથી લખાતા,
કુણબી ભકત થયા કાંમરાજ, જેને પ્રગટ મળ્યા માહારાજ,
વહાલો મોરાર મુળજીભાઈ, કાઢી જીંદગી હરી ગુણ ગાઇ.
એ પ્રભુ ભગ પારાયણ થયા ગણેશં અને નારાયણ,
સાંમો ભક્ત ખુશાલ આવાર દશ ભકત થયા તેણીવાર
જેણે હરીરસ પુરણ પીધો, લહાવો અક્ષર સુખનો લીધો.

દોહરા.

ઉઝા ગાંમને ગાંદરે, સરોવર સુંદર સાર,
હરીલાલ હરખે ઘણું, ખુટે ન પાણી લગાર.

(૪૫)

ચોપાઇ.

શરોવરમાં ઘણું હતું વારી, લીલઝાળ હતી જેમાં ભારી,
ઢોર ઢાંખર ન પીએ પાણી, એવી વાત પ્રભુએ જાણી.
સુણી માણકીએ થયા અસ્વાર, ગયા સરોવરની મોઝાર.
વારી ચરણ સ્પર્સ્યો મુનિરાજે, ભડાકા થયા ખુબ અવાજે,
લીલ વેરાઈ વેરાઇ જાય, વારી દુધ સરીખું દેખાય,
સરોવરની ઇશાન દીશા, ચાલ્યા માણકી ઉપર મુનિસા,

અગ્નાપી ગરનાળાં છે જ્યાંહ, સભા ભરી બેઠા મુનીરાય;
જ્ઞાન વાર્તા કરી આનંદ કંદે, દંત પંક્તિ જોઇ નિત્યાનંદે.

દોહરો.

નિત્યાનંદ સ્વામી તથા, મુનિ શ્રી પરમાનંદ;
વીચારે છે મન વિષે, મનુષ્ય નહિ એ ભગવંત.
નિશ્ચે જાણ્યું ભગવંત છે, થયાં પ્રભુનાં દરશન;
હરીલાલના સ્વામીએ, કર્યાં સર્વને પાવન.

(૪૬)

ચોપાઇ.

એવી લીલા કરી છે અપાર, અહીં પરમહંશ કીધા અઢાર;
માનુભાવાનંદ આદી સ્વામી, અષ્ટાદશ થયા ગુણગામી.
માનુભાવાનંદ સરખા સંત, જેને પ્રભુ ભજ્યાની છે ખંત;
સંદેહ મન વિશે ઘણો ધરતા, કશ્વ સ્વામીનારાયણ સ્મરતા.
મુની મનમાં ઘણુંએ વીમાસે, પ્રભુ નહી આ નરદેહ ભાસે;
પ્રભુ વિચારે છે ઘણું મન, મારે દેવું હવે દરશન;
ચત્રુભુજ થયા મોરારી, દીધું દરશન બદ્રી વિહારી.

મનહર છંદ.

માનુભાવાનંદ સ્વામી, હતા તે તો નિશકામી;
મળ્યા જેને બહુનામી, પામ્યા ગતિ સારીને.
મનમાં જે હતી ખામી, નાડી તે ભ્રાંતી ન થામી;
સ્વામીનારાયણ સ્વામી, જાણ્યા અવતારીને.

મળજો હે અંતકાળે, શરણે આવ્યો કંગાળ;
ઝાળ મુને લાગે ઝાઝી, કાળ રીપુ ધારીને.
હરિલાલ બાળ ઉપર, કરજો પ્રભુજી ખ્યાલ;
ગરૂડના ગામી જપું, નાંમને સંભારીને.

(૪૭)

ચોપાઇ.

મેંતો યથામતી અનુસાર, ગુણ ગાયા પ્રભુ નીરધાર;
પ્રભુ ગુણના જે અવગુણ લેશે, નર્ક ચોરાશીમાં જઈ રહેશે.
વીપ્ર અવદીચ જાતે કહેવાઉં છું, ગાંમ ઊંઝા મધે હુંતો રહું છું;
હાલ રહું છું રાંતઇ ગામ, તારો આશરો પુરણકામ.
અંતકાળે અનેકને આવ્યા, લેઇ અક્ષરે નાથ સીધાવ્યા;
મારા અંતકાળે ધણી આવજો, સાથે સંતને તેડી લાવજો.
સેવક જાણીને કરજો સંભાળ, તમ આશરો દીનદયાળ;
સગપણ તમ સાથે કીધું સ્વામી, વર વર્યા હું અંતરયામી.

દોહરો.

વાંચક શ્રોતા સમજજો, ધરજો મનમાં ધ્યાન;
સ્નેહ કરી સંભારજો, નિત્યે શ્રી ઘનસ્યામ.
અક્ષર પદ પામો તમો, કરજો એવી આશ;
અધર્મની નીંદા કરે, તેનું જાજો સત્યાનાશ.

દોહરો.

સદગુરૂ વીજીયાનંદજી, સોંપું શીશ તમ ચર્ણ;
સાચા ગુરૂ છો માહરા, થયો તમારે સર્ણ.

હરીલાલે તમ સંગથી, ગુણ ગ્રહ્યા છે અપાર;
આભારી હું તમ તણો, ભવજળ ઉતર્યો પાર.

(૪૮)

(શ્રી જગતપતિ...એ રાગ) ભુપ કલ્યાણ.

શ્રી બદ્રિપતી, કરો કરૂણા તમે અતિ;
નીજ ભક્તોની વારે ચડો, સુણજો વિનતી.

દવ બળતાના વચમાં પડયો છું, નથી ઉગરવાનો ઠામ;
ભક્તવત્સળ પ્રભુ સાહાય કરો, હું જપું આપનું નામ. શ્રી.

આદ્ય અવીચળ અજ અવિનાશી, સદ્ગુણના ભંડાર;
નિર્મળ દેહ નારાયણ રૂપે, ભક્તિ મુક્તિ દાતાર. શ્રી.

એવા છો તમો પરમદયાળુ, ભીડ ભંજન ભગવાન;
ભક્ત જનોને શરણે રાખો, મોકલો છો અક્ષર ધામ. શ્રી.

ધર્મ સ્થાપવા પોતે પ્રગટ થયા, કોટી બ્રહ્માંડના ભુપ;
માત પિતાને મુકિત આપી, પોતે પ્રભુ અનુપ. શ્રી.

કર જોડી કેશવજી તમને, લળી લળી લાગું પાય;
હરીલાલ હરવડીએ સમરે, રહું છું ઊંઝા માંય. શ્રી.

ભક્તિ રસ બોધને અગાઉથી આશ્રય આપનાર ગ્રાહકોનાં નામ.

ઊંઝા.

૧૦૦ રાવળ માધવજી પરભુરામ
૨૫ ,, ઉદયરામ રણછોડ
૫ આચાર્ય મુળશંકર મયારામ
૫ ,, હરીશંકર રણછોડ
૫ ,, વીઠલ દામોદર
૫ પા. નારાયણદાસ ભાઈચંદ બારૈયા
૫ પા. માધવલાલ લખમીચંદ ,,
૫ પા. રણછોડ વખતા
૫ પા. શીવલાલ મોતી
૫ પા. અંબારાંમ ફતેચંદ
૫ પા. માધવા ખુશલ
૫ પા. શીવલાલ ભાઈચંદ
૫ ઘાંચી સાંકળચંદ અમુલખ
૪ ,, ડાહ્યાભાઈ હરખચંદ
૪ ,, શીવલાલ લલ્લુ
૨ જોશી કાળીદાસ વૈકુંઠરામ
૨ પા. જીવા બાલચંદ
૨ પા. બેચર ઉજમ, મેલાંણીયા
૨ પા. લાલા જીવા ખાંગા
૧ આચાર્ય દેવરાંમ વૈજનાથ
૧ ,, નારાયણ લાલજી હુબલીવાળા
૧ ,, કેશવલાલ ચુનીલાલ
૧ પા. કરસન મોતી
૧ ભાવસાર જીવરાંમ ફુલચંદ
૧ ,, શંકર ભૂદર
૧ ,, નાનાલાલ ધર્મચંદ
૧ ,, કચરા દેવચંદ
૧ ,, શીવા વીઠલ
૧ પા. કચરા બહેચર કમાણીયા
૧ પા. રાયચંદ માનચંદ
૧ પા. બહેચર ગણેશ મોખાત
૧ પા. ગોબર વખતા
૧ પા. લીલાચંદ જીવીદાસ
૧ પા. દલસુખ વિઠલ
૧ પા. બહેચર જીવા નુંગરા

સિદ્ધપુર.

૧૫ શ્રીહરિકૃષ્ણમહારાજના મંદીરની
૪ ભાવસાર જીવરાંમ મુળચંદ
૧ ભટ ગણપતરાંમ દયાશંકર
૧ ,, નારાયણ જેશંકર
૧ ,, નારાયણ છબીલદાસ
૧ શાસ્ત્રી કાનલાલ નરોત્તમ
૧ માણેકલાલ મોતી લાલમણીય
૧ આચાર્ય પ્રહલાદજી મુખેશ્વર
૩ રાવળ શંકર વલ્લભરાંમ
૧ તપોધન સદાશીવ જોયતારામ
૧ ઘાંચી હીરાચંદ મયાચંદ
૧ ,, નાનચંદ પીતાંબર
૧ ,, પ્રહેલાદ અંબારાંમ
૧ ,, મગન ભુખણ
૧ પાદ્યા નથુરામ અંબારામ હનુમાનગળી
૧ ઠાકર ચુનીલાલ રણછોડ ઉપલી શેરી.

વડનગર.
૧૦ ભાવસાર તારાચંદ હરકરણ
૧ ,, કસ્તુર હરખચંદ

પેથાપુર.
૨૫ ભાવસાર પરસોત્તમ ચકુભાઇ

ગામ ગાંભુ.
૧ વીરચંદ ગીરધર

મોટી રાંતઇ.
૧ મણીયાર ખોડીદાસ લલ્લુભાઇ
૧ ,, દલસુખ મગનલાલ
૧ ,, માણેકચંદ મગન
૧ શા. ઠંકુચંદ ઉમેદ

નાની રાંતઈ.
૨૫ આચાર્ય ઇશ્વરલાલ મહાસુખરામ
૧ દરબારશ્રી કાળુજી રતનસીંહજી
૧ પા. ડુંગર ગણેસ

સુવાળા.
૧ શા. સકરાલાલ જમનાદાસ

આહુજોલ.
૧ શા. શંકર જેઠીદાસ
૧ ,, મણીલાલ તલકચંદ

કટોસણ.
૪ લુવાર કેશવલાલ ભાઇચંદ

ડાંગરવા-ચુવાળના.
૧૦ પ્રાણશંકર મુળજી ભટ આ
સ્કુલ માસ્તર

ઉંવારસદ.
૧ વૈદ્ય પુરષોત્તમ મોતીરામ પંડ્યા

માલસુણા.
૧ પા. શંકર કીશોર

વીરસોડા.
૧ ભાવસાર મોહન મયાચંદ

કાંઝ.
૧ ઠાકર શીવરાંમ કાશીરાંમ
૧ ,, કુબેર પ્રલ્હાદજી
૧ ,, અમથારાંમ દણુછોડ

દાહોદ.
૧ રણુછોડલાલ કીકાભાઈ
પંચ. ડી. કો.

પારડી.
૨ ઠક્કર કાળીદાસ હરખજી

સાણંદ.
૨ ભટ કેશારામ ગણપતરામ
ઉપરી કારકુન સાણંદ

હૈદ્રાબાદ સિંધ.
૫ આચાર્ય ગીરધરલાલ શંભુરાંમ
૫ ,, ગણપતરામ સુગટરામ
૫ ,, ઇશ્વરલાલ મગનલાલ

પ્રાંતીજ.
૫ શા. નટવરલાલ મગનલાલ

અમદાવાદ.
દુધવાળી પોળ.
૧૦૦ પા. છગનલાલ પરભુદાસ
૧૦ પા. રણછોડદાસ હરગોવન
૨ પા. ભોગીલાલ ત્રીભોવનદાસ
૫ પા. સાંકળચંદ ઉમેદ
૧ પા. છોટાલાલ હરગોવનદાસ

૨ પા શીવરામ રૂપદાસ
૧ પા કરસન હીરાચંદ
૧ પા. મફતલાલ આતમારામ
૧ પા. રાંમા ભગવાંન
૧ પા. અંબાલાલ નારાયણ
૧ પા. કાળીદાસ નથુભાઈ

અમદાવાદ.

૫ કડીયા ચુનીલાલ ઓતમચંદ
૧૦ ભાવસાર ગણપત લલ્લુભાઈ
૫ ,, દામોદર લલ્લુભાઈ
૪ જાની પ્રભાશંકર દલપતરામ
૨ ચોકસી ગોવીંદલાલ હરીલાલ
૧ ,, ગીરધર હરીવલ્લભ
૨ રતનલાલ છગનલાલ
૨ સોમાભાઇ મહાસુખભાઈ
૧ પા ડાહ્યાભાઇ દેશાઇભાઈ
૧ પા. ભુદર ગણેસ
૧ પા. શંભુદાસ જેરામ
૧ પા. મણીલાલ હાથીભાઈ
૧ પા. અંબારામ મોતીરામ
૧ પા. મણીલાલ ગોકળદાસ
૧ ગોર રૂપશંકર રણછોડ
૧ પુરશોત્તમ નારણજી
૧ કડીયા રણછોડ ભગવાંન
૧ શાસ્ત્રી અમૃતલાલ ત્રીભોવન
૧ ખોડીદાસ સાંકળચંદ
૧ મણીલાલ ઉત્તમરામ
૧ સાંકળચંદ મંગળદાસ
૧ શંભુલાલ ગીરધર
૧ ભા. નાગરદાસ બલાખીદાસ
૧ રાવળ ગોવીંદરામ પરસોતમ
૧ શા. મણીલાલ શંકરભાઈ
૧ મહેતા ભોગીલાલ પોપટલાલ
૧ જાની ભાઈશંકર અંબારામ
૧ મોહનલાલ ગીરધર
૩ પા. છોટાલાલ નાથાભાઇ
૧ જુગલદાસ હીમતરામ
૧ શા. ચુનીલાલ નાથાલાલ
૧ શુકલ દયાશંકર ભાઇશંકર
૧ ભટ્ટ કેશવલાલ શીવરાંમ
૨ ત્રીવેદી માધવલાલ મુળજીભાઈ
૧ શુકલ ભવાનીશંકર કાળીદાસ
૨ પા માહનલાલ નારાયણ
૧ જેઠાલાલ અમૃતલાલ
૨ ભાવસાર પુનમચંદ ગુલાબચંદ
૧ ડાહ્યાલાલ છગનલાલ
૧ જેસંગભાઈ મુળજીભાઈ
૧ ઘાંચી ચમનલાલ દલપત સ્વા૦
૧ ગાંધી નારાયણદાસ છગનલાલ
૧ મકવાણા હીરજી ભીમજી ધ્રાંગધ્રાત
૧ પા. કેશવલાલ સકરાભાઈ
૧ જોશી ચુનીલાલ ફતેરામ
૨ પા. બાજી મંગળ
૧ પા. રણછોડ ઝવેર
૨ પા. ભલાભાઈ બાપુજીભાઈ
૫ પા. ઇશ્વરદાસ તળસીદાસ
૧ ભાવસાર કસ્તુર ભીમજી માણુપરા
૨ મીસ્ત્રી પોપટ લીલાધર

"સ્વામીનારાયણ."

નામનું ઉદ્ધ સંપ્રદાયની ઉન્નતિદાયક એક માસીક પત્ર દર મહીને વડોદરામાં પ્રગટ થાય છે જેમાં આપણા ધર્મને અનુસરીનેજ લખાણો લખાય છે વાસ્તે તે પત્રને માન્ય આપી ગ્રાહક થવા આતુરતા રાખશો એવી હું આશા રાખું છું. લવાજમ ફકત એક વર્ષને રૂા. ૧-૪-૦ છે. પોસ્ટ માફ.

સ્વામીનારાયણ પત્રના વ્યવસ્થાપક—
સોજીત્રા (ગુજરાત)

જાહેર ખબર.

સર્વે સત્સંગી ભાઇઓને વીનંતી કે આ ચોપડી જેને મંગાવવા ઇચ્છા હશે તેમને નીચેના સરનામે અઢી આનાના પૈસા મોકલવાથી ચોપડી મોકલીશું. વધુ ખુલાસા માટે નીચેના સરનામે પત્રદ્વારાથી ખબર આપવા મહેરબાની કરશો. વળી ચોપડીની કીમત ધર્માદા અર્પણ કરેલી છે.

અમદાવાદ,
પટેલ છગનલાલ પરભુદાસ
ધીકાંટે દુધવાળાની પોળ.

ગાંમ નાની રાંતઇ.
હરીલાલ માહાસુખરામ આચાર્ય.
ઊંઝાવાળા તથા
ઈશ્વરલાલ માહાસુખરામ,
જી૦ અમદાવાદ. પોસ્ટ દેકાવાડા.